## દાવો કરવાનાં આસાન પગલાં

અમારી આરોગ્ય દાવાની ટીમને આરકેરને તમારા હોસ્પિટલમાં દાખલ થવા વિશે જાણકારી આપો. તમારા હેલ્થ કાર્ડ પર આ માટે હેલ્પલાઈન નંબર 1800 3009 આપવામાં આવ્યો છે તેનો ઉપયોગ કરો.

આરકેરને આવશ્યક દસ્તાવેજો સુપરત કરો.

**નેટવર્કની હોસ્પિટલ** - આરકેર કેશલેસ સુવિધાની વ્યવસ્થા કરશે
**નોન-નેટવર્ક હોસ્પિટલ** - ભરપાઈના દાવા માટે કૃપયા અમારા પોલિસી શબ્દાંકનમાં ઉલ્લેખ મુજબ પ્રક્રિયાનું પાલન કરો.

### સ્માર્ટ પસંદગી કરવા માટે હમણાં જ અમારો સંપર્ક કરો

| | |
|---|---|
| વેબસાઈટ | reliancegeneral.co.in |
| કૉલ કરો | 1800 3009 (ટોલ ફ્રી)<br>022-4890 3009 (પેઈડ)<br>**022-33834185 (પેઈડ)-**<br>**વરિષ્ઠ નાગરિકો માટે એક્સક્લુઝિવ** |
| વ્હોટ્સએપ | 74004 22200 |

### અમારા વીમા સલાહકારનો સંપર્ક કરો

શું તમને BroBot સ્પીડ જોઈએ છે?
તો અમારી સાથે ડિજિટલ બનો.

Reliance Selfi
Available on the App Store
GET IT ON Google Play

**રિબેટ્સની મનાઈ - વીમા કાયદા (સુધારણા) ધારા 2015 દ્વારા સુધારિત મુજબ વીમા ધારા 1938ની કલમ 41.**
યોજનામાં દર્શાવવામાં આવેલા પ્રીમિયમનું કોઈ પણ રિબેટ અથવા ચૂકવવાપાત્ર કમિશન સંપૂર્ણ અથવા હિસ્સામાં કોઈ પણ રિબેટ, ભારતમાં જીવન અને મિલકત સંબંધી જોખમના કોઈ પણ પ્રકાર સંબંધમાં વીમો લેવા અથવા નવીનીકરણ કરવા અથવા ચાલુ રાખવા માટે કોઈ પણ વ્યક્તિને આગ્રહ કરીને પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ વીમા આપવાની કોઈ પણ વ્યક્તિને મંજૂરી નથી અથવા આવી ઓફર નહીં કરી શકશે કે કોઈ પણ વ્યક્તિ યોજના લેતી હોય અથવા નવીનીકરણ કરતી હોય અથવા ચાલુ રાખતી હોય તે કોઈ પણ રિબેટ સ્વીકારશે નહીં, સિવાય કે આવું રિબેટ વીમા કંપનીના પ્રસિદ્ધ કરેલા પત્રક અથવા કોષ્ટક અનુસાર મંજૂરી આપવામાં આવી હોય. કોઈ પણ વ્યક્તિ આ કલમની જોગવાઈનું પાલન કરવામાં કસૂર કરશે તો દંડ સાથે સજાપાત્ર રહેશે, જે ₹10 લાખ સુધી હોઈ શકે છે.
લાભો, રક્ષણ, નિયમો અને શરતો અને અપવાદો પર સંપૂર્ણ વિગતો માટે અમારી વેબસાઈટ www.reliancegeneral.co.inની વિઝિટ કરો અને વીમો લેવા પૂર્વે વેચાણ પત્રક, સૂચીપત્ર અને પોલિસી શબ્દાંકન ધ્યાનપૂર્વક વાંચો. કર કાયદા ફેરફારને આધીન છે.

**આઈઆરડીએઆઈ નોંધણી નં. 103. રિલાયન્સ જનરલ ઈન્શ્યુરન્સ કંપની લિમિટેડ,**
નોંધણીકૃત અને કોર્પોરેટ કાર્યાલય: રિલાયન્સ સેન્ટર, સાઉથ વિંગ, 4થો માળ, વેસ્ટન એક્સપ્રેસ હાઈવે નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ–400 055. કોર્પોરેટ આઈડેન્ટિટી નંબર: U66603MH2000PLC128300. આરોગ્ય સંજીવની પોલિસી, રિલાયન્સ જનરલ UIN: RELHLIP21001V012021. ઉક્ત પ્રદર્શિત ટ્રેડ લોગો અનિલ ધીરુભાઈ અંબાણી વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડનો છે અને રિલાયન્સ જનરલ ઈન્શ્યુરન્સ કંપની લિમિટેડ દ્વારા લાઈસન્સ હેઠળ ઉપયોગ કરાયો છે. દરો ફક્ત થર્ડ પાર્ટી માટે નિશ્ચિત કરાયા છે* કૃપા કરીને કોઈ પણ શબ્દ કે અર્થ સ્પષ્ટ રીતે સમજવા માટે અંગ્રેજી પત્રક પણ જુઓ*

અમારી સાથે જોડાઓ

An ISO 9001:2015
Certified Company

RGI/MCOM/CO/AROGYA-SANJEEVANI-POLICY/BR/VER.2.0/120121.

## પાત્રતા માપદંડ

| પરિમાણો | પાત્રતા |
|---|---|
| ઉંમર | બાળક: 91 દિવસથી 25 વર્ષ*<br>પુખ્ત: 18 વર્ષથી 65 વર્ષ* |
| પોલિસીનો પ્રકાર | વ્યક્તિગત અને ફેમિલી ફ્લોટર |
| પોલિસીનો સમયગાળો | 1 વર્ષ |
| Pre-Policy Issuance Medical Check-up | 51 years to 65 years** |

**ઉંમર પૂર્ણ કરેલાં વર્ષો પર આધારિત છે. એકધાર્યાં નવીનીકરણ પર કોઈ મહત્તમ રક્ષણ સમાપ્તિ ઉંમર નહીં.
**કંપની દ્વારા પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો હોય અને પોલિસી જારી કરવામાં આવી હોય ત્યાં 100% પીપીએમસી ખર્ચ કંપની દ્વારા ભોગવવામાં આવશે.
પ્રસ્તાવ નકારવામાં આવ્યો હોય અથવા પ્રસ્તાવકર્તા પ્રસ્તાવ સ્વીકારવાનો ઈનકાર કરે તો પીપીએમસી ખર્ચના 100% ગ્રાહક દ્વારા ભોગવવામાં આવશે.

## થોભવાનો સમયગાળો

| | |
|---|---|
| **પ્રથમ 30 દિવસનો થોભવાનો સમયગાળો** | અકસ્માત સંબંધી દાવા સિવાય કોઈ પણ બીમારીના ઉપચાર સામે પોલિસી તારીખથી શરૂ થવાથી 30 દિવસ |
| **પૂર્વ-મોજૂદ રોગનો થોભવાનો સમયગાળો** | પ્રી- એક્ઝિસ્ટિંગ ડિઝીઝ (પીઈડી) અને તેની પ્રત્યક્ષ ગૂંચ, જો પીઈડી જાહેર કરાઈ હોય અને/અથવા પ્રસ્તાવમાં સ્વીકાર કરાયો હોય તો પોલિસીના આરંભથી 48 મહિનાનું એકધાર્યું રક્ષણ પૂરું નહીં કરે ત્યાં સુધી આવરી નહીં લેવાશે. |
| **ચોક્કસ થોભવાનો સમયગાળો** | 24/48 મહિનાનો ચોક્કસ થોભવાનો સમયગાળો, વીમિત અટક્યા વિના પોલિસીના તેના/તેણીના ત્રીજા વર્ષમાં હોય ત્યાં સુધી પોલિસીમાં ઉલ્લેખ મુજબ ચોક્કસ રોગો## પર લાગુ થાય છે. |

## ફ્રી લૂક સમયગાળો

ફ્રી લૂક સમયગાળો પોલિસીના આરંભમાં લાગુ થશે અને નવીનીકરણ પર નહીં અથવા પોલિસી પોર્ટિંગ કરવા સમયે નહીં.
વીમિતને પોલિસીની પ્રાપ્તિની તારીખથી પંદર દિવસનો સમયગાળો પોલિસીના નિયમો અને શરતોની સમીક્ષા કરવા અને જો સ્વીકાર્ય નહીં હોય તો પરત કરવા દેવાય છે.
જો વીમિતે ફ્રી લૂક સમયગાળામાં કોઈ દાવો કર્યો હોય તો વીમિત નિમ્નલિખિત માટે હકદાર રહેશે:

- ચૂકવેલા પ્રીમિયમમાંથી વીમિતના તબીબી પરીક્ષણ પર કંપની દ્વારા ઉદભવતો કોઈ પણ ખર્ચ અને સ્ટેમ્પ ડ્યુટી શુલ્ક બાદબાકી કરીને રિફંડ કરાશે, અથવા
- જોખમ શરૂ થયું હોય અને વીમિત દ્વારા પોલિસી પરત કરવાનો વિકલ્પ અજમાવવામાં આવ્યો હોય તો રક્ષણના સમયગાળા માટે પ્રમાણસર જોખમ પ્રીમિયમ સામે કપાત કરાશે, અથવા
- આંશિક વીમા રક્ષણ જ શરૂ થયું હોય તો આવા સમયગાળા દરમિયાન વીમા રક્ષણ સાથે આવું પ્રમાણસર પ્રીમિયમ અનુરૂપ હશે.

##રોગોની વિગતવાર યાદી માટે અમારી વેબસાઈટ www.reliancegeneral.co.in પર ઉપલબ્ધ પ્રોસ્પેક્ટસ/પોલિસી શબ્દાંકન વાંચો.

## ડિસ્કાઉન્ટ્સ, ડિસ્કાઉન્ટ્સ અને વધુ ડિસ્કાઉન્ટ્સ

**કસ્ટમર ડિસ્કાઉન્ટ**
જો તમે રિલાયન્સ ઈન્શ્યુરન્સ ગ્રાહક હોય તો તમને 5%નું વિશેષ ડિસ્કાઉન્ટ મળશે.

**સ્થાયી સૂચનાનું ડિસ્કાઉન્ટ**
જો તમે 'સ્થાયી સૂચના'' અથવા 'એનએસીએચ'' થકી ચુકવણી કરનારા ગ્રાહક હોય તો 3% નવીનીકરણ ડિસ્કાઉન્ટ મેળવો.

**ફેમિલી ડિસ્કાઉન્ટ**
જો પરિવારમાં 1થી વધુ સભ્ય વ્યક્તિગત ધોરણે પોલિસી લે તો 10% નવું વિશેષ ફેમિલી ડિસ્કાઉન્ટ મેળવો.

## પોલિસી બધું આવરી લે છે, પરંતુ આ^

રિલાયન્સ જનરલ ઈન્શ્યુરન્સમાં અમે પારદર્શકતામાં વિશ્વાસ રાખીએ છીએ. દાવો કરવા સમયે તમને કોઈ પણ અસુખદ અનુભવનો સામનો કરવો નહીં પડે તે માટે પોલિસીમાં મુખ્યત્વે અમુક શું સમાવિષ્ટ નથી તેની નોંધ લો:

- ડોમિસિલિયરી હોસ્પિટલાઈઝેશન
- તપાસ અને મૂલ્યાંકન
- રેસ્ટ ક્યોર, પુનર્વસન અને આરામની સંભાળ
- સ્થૂળતા/વજન નિયંત્રણ
- લિંગ ફેરબદલી ઉપચાર
- કોસ્મેટિક અથવા પ્લાસ્ટિક સર્જરી (સિવાય કે અકસ્માતી ઈજાથી ઉદભવી હોય)
- જોખમી અને સાહસિક સ્પોર્ટ્સ
- કાયદાનો ભંગ
- બાકાત પ્રદાતાઓ
- લત, ડ્રગ/પદાર્થનું સેવન
- વૈકલ્પિક ઉપાય અને રિજુવિનેશન
- આહારી પૂરકો અને પદાર્થો
- રિફ્રેક્ટિવ ક્ષતિ
- અસિદ્ધ ઉપચારો
- વંધ્યત્વ અને બિન–પ્રજોત્પાદકતા
- પ્રસૂતિ
- દંત ઉપચાર (સિવાય કે અકસ્માતી ઈજાથી ઉદભવે)
- બિન– તબીબી ખર્ચ
- આઉટપેશન્ટ ટ્રીટમેન્ટ (ઓપીડી)
- દરિયાપારમાં ઉપચાર
- યુદ્ધ અથવા તેવી સ્થિતિ
- અણુ, રાસાયણિક અથવા જૈવિક હુમલો

^આ યાદી સાંકેતિક છે. સામાન્ય અને કાયમી અપવાદોની વિગતવાર સમજ માટે અમારી વેબસાઈટ www.reliancegeneral.co.in પર ઉપલબ્ધ પ્રોસ્પેક્ટસ/પોલિસી શબ્દાંકન વાંચો.

Digital India Power To Empower | RELIANCE GENERAL INSURANCE | CSC e-Governance Services India Limited

હેલ્થ ઈન્શ્યુરન્સ

# આરોગ્ય સંજીવની પોલિસી, રિલાયન્સ જનરલ

## રોગ નાના હોય કે મોટા, અમે તે બધા આવરી લઈએ છીએ.

Tech+ ❤ = Live Smart





તમારો જન્મ થયો ત્યારે તમારે આરોગ્ય વીમા યોજના શા માટે લેવી જોઈએ તે ઓળખવામાં તમને મદદરૂપ થવા માટે તમે એક દિવસ આ પત્રક વાંચતા હશો એવું વિચાર્યું નહીં હોય તેવી અમને ખાતરી છે. જોકે હવે તમે વાંચવાનું શરૂ કર્યું છે તો તમે પોતાને માટે અથવા તમારા પરિવાર માટે આરોગ્ય વીમા યોજના લેવાનું નક્કી કરી લીધું છે અને આ પોલિસી પસંદ કરવી તે યોગ્ય નિર્ણય છે કે નહીં તે નક્કી કરવા તમે અહીં છો. તમને મૂળભૂત હોસ્પિટલાઈઝેશન ખર્ચ આવરી લે અને જરૂરત હોય ત્યારે દાવો કરવાનું આસાન રહે તેવી સ્ટાન્ડર્ડ આરોગ્ય વીમા યોજનાની જરૂર છે. વારુ, અમે આ બંને લાગણીઓને સમજીએ છીએ. આથી જ રિલાયન્સ જનરલ ઈન્શ્યુરન્સમાં અમે તમારે માટે સરળ વ્યાપક વીમા રક્ષણ લાવ્યા છીએ, જે તમને તમારી આરોગ્યની જરૂરતોનું મનઃપૂર્વક ધ્યાન રાખવા સાથે ઝડપી દાવા સહાય માટે ટેકનોલોજીની સુવિધા તમને આપે.

**આરોગ્ય સંજીવની પોલિસી, રિલાયન્સ જનરલ Tech + ❤ સાથે Live Smart ની નવી રીત છે**

## અમે ખરીદી કરવા તમને ફક્ત કારણો આપીએ છીએ

### મૂળભૂત મુદ્દા જાણો

આરોગ્ય સંજીવની સ્ટાન્ડર્ડ હેલ્થ પોલિસી છે, જે મૂળભૂત ઈનપેશન્ટ હોસ્પિટલાઈઝેશન તબીબી ખર્ચ, જેમ કે, રૂમનું ભાડું અથવા નર્સીંગ શુલ્ક, આઈસીયુ શુલ્ક, ડોક્ટરની ફી વગેરે આવરી લે છે. પોલિસી તબીબી કટોકટી સાથે આવતી બધી નાણાકીય જરૂરતોને અમે પહોંચી વળીએ અને શ્રેષ્ઠતમ સાથે જ તમારી સહાય કરીએ તેની ખાતરી રાખશે.

### રોબોટિક, સ્ટેમ સેલ અને અન્ય ઉપચાર

તબીબી વિજ્ઞાને પ્રગતિ કરી છે અને તેથી તમારી આરોગ્ય યોજનાઓએ પણ કરવી જોઈએ, જેથી અમે વિશેષ+ ઉપચારો, જેમ કે, રોબોટિક સર્જરી, સ્ટેમ સેલ થેરપી અને સ્ટીરિયોટેક્ટિક રેડિયો સર્જરીઓ આવરી લઈએ છીએ, જેમાં વાઢકાપ ઓછો હોય છે અને ઝડપથી સાજું થાય છે અને પોલિસી હેઠળ આવા ઘણા બધા વધુ ઉપચારો આવરી લઈએ છીએ, પરંતુ તે માટે તમારા અમારા પોલિસી શબ્દાંકનો જોવા જોઈએ.

### 7300 + અને યાદી વધતી જ જાય છે

તમે જ્યાં પણ હોય તેની અમે નજીક છીએ. તમે મુંબઈમાં હોય કે મેન્ગલોરમાં રહેતા હોય, અમે દેશના બધા ભાગોમાં 7300+ હોસ્પિટલોનું વ્યાપક નેટવર્ક આવરી લઈએ છીએ, જેના થકી કેશલેસ હોસ્પિટલાઈઝેશન પણ ઓફર કરીએ છીએ.

### ડેન્ટલ અને પ્લાસ્ટિક સર્જરીઓ અપવાદ નથી

ડેન્ટલ અને પ્લાસ્ટિક સર્જરીઓ પણ હવે આ પોલિસી હેઠળ આવરી લેવાય છે, જે અક્સ્માતી ઈજાને લીધે આવશ્યક હોય ત્યારે મેળવી શકાય છે.

### સંભાળના 90 દિવસ

હા, તેનો સરવાળો 30 દિવસ પૂર્વ અને 60 દિવસ પશ્ચાત હોસ્પિટલાઈઝેશન એ રીતે થાય છે, જેનો અર્થ અમે 30 દિવસ પૂર્વેથી તમારા હોસ્પિલાઈઝેશન અને ડિસ્ચાર્જની તારીખ પછી 60 દિવસ સુધી સંબંધિત તબીબી ખર્ચ આવરી લઈએ છીએ.

### સંભાળના દિવસો નહીં પણ દિવસ સંભાળ

આ આરોગ્ય યોજના ઈનપેશન્ટ હોસ્પિટલાઈઝેશનને આવરી લે છે, જેમાં લઘુતમ 24 કલાકનું હોસ્પિટલાઈઝેશન આવશ્યક છે, પરંતુ ટેકનોલોજીમાં પ્રગતિને લીધે અમુક ઉપચાર પ્રક્રિયા તેજ અને ઝડપી હોય છે અને 24 કલાકના હોસ્પિટલાઈઝેશનની જરૂર નથી હોતી તે અમે સમજીએ છીએ. આથી જ અમે હોસ્પિટલ અથવા ડે-કેર સેન્ટરમાં લેવાતી દિવસ સંભાળ પ્રક્રિયા હેઠળની તે બધી આવરી લઈએ છીએ.

### આયુષના લાભ

આયુર્વેદ, યુનાની, સિદ્ધ અને હોમિયોપેથી મહત્ત્વપૂર્ણ વૈકલ્પિક ઉપચાર છે, જે માટે અમે હોસ્પિટલાઈઝેશન ખર્ચ પણ આવરી લઈએ છીએ. આથી સાજા થવાની તમારી રીત પસંદ કરો અને અમે તમારી પડખે છીએ.

+વિશેષ ઉપચારો વીમિત રકમના 50% સુધી આવરી લેવાય છે.

## તમે અવગણની નહીં શકો તેવી યોજના

| વીમિત રકમ | 1,00,000 | 1,50,000 | 2,00,000 | 2,50,000 | 3,00,000 | 3,50,000 | 4,00,000 | 4,50,000 | 5,00,000 |
|---|---|---|---|---|---|---|---|---|---|

**વિભાગ 1: મૂળભૂત લાભો**

| લાભો | વિવરણ |
|---|---|
| ઈનપેશન્ટ સંભાળ | 24 કલાકથી વધુ સમયગાળા માટે બીમારી કે અકસ્માતને લીધે હોસ્પિટલાઈઝેશન દરમિયાન ઉદભવતા રૂમનું ભાડું, આઈસીયુ શુલ્ક, તબીબની ફી, ઓટી શુલ્ક, નર્સીંગ શુલ્ક વગેરે જેવા તબી બી ખર્ચ આવરી લે છે. • હોસ્પિટલ/નર્સીંગ હોમનું દિવસના મહત્તમ ₹5000ને આધીન વીમિત રકમના 2% સુધી રૂમનું ભાડું, બોર્ડિંગ, નર્સીંગ ખર્ચ. • દિવસના મહત્તમ ₹10,000ને આધીન વીમિત રકમના 5% સુધી ઈન્ટેન્સિવ કેર યુનિટ (આઈસીયુ)/ઈન્ટેન્સિવ કાર્ડિયાક કેર (આઈસીસીયુ). • એનેસ્થેશિયા, લોહી, ઓક્સિજન, ઓપરેશન થિયેટરનું શુલ્ક, સર્જિકલ ઉપકરણો, ઔષધી અને દવાઓ, નિદાન, ડાયગ્નોસ્ટિક ઈમેજિંગ મોડાલિટીઝ અને આવી જ અન્ય ખર્ચ માટે વીમિત રકમ સુધી ખર્ચ સમાવિષ્ટ છે. • ડોક્ટર/સર્જનની ફી આવરી લેવાય છે. |
| વિશેષ ઉપચારો/પ્રક્રિયાઓ | નીચે આપવામાં આવેલા વિશેષ ઉપચારો વીમિત રકમના 50% સુધી આવરી લેવાય છેઃ • યુટેરિન આર્ટરી એમ્બોલાઈઝેશન અને એચઆઈએફયુ (હાઈ ઈન્ટેન્સિટી ફોકસ્ડ અલ્ટ્રાસાઉન્ડ). • બલૂન સિનુપ્લાસ્ટી • ડીપ બ્રેન સિમ્યુલેશન • ઓરલ કેમોથેરપી • ઈમ્યુનોથેરપી-મોનોક્લોનલ એન્ટીબોડી ઈન્જેકશન તરીકે આપવું • ઈન્ટ્રા વાઈટ્રિયલ ઈન્જેકશન • રોબોટિક સર્જરીઓ • સ્ટીરિયોટેક્ટિક રેડિયો સર્જરીઓ • બ્રોન્કાયકલ થર્મોપ્લાસ્ટી • પ્રોસ્ટ્રેટનું વેપરાઈઝેશન (ગ્રીન લેઝર ટ્રીટમેન્ટ અથવા હોલમિયમ લેઝર ટ્રીટમેન્ટ) • આઈઓએનએમ-(ઈન્ટ્રા ઓપરેટિવ ન્યુરો મોનિટરીંગ) • સ્ટેમ સેલ થેરપી • હેમાટોલોજિકલ સ્થિતિઓ માટે બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ માટે હેમાટોપોઈટિક સ્ટેમ સેલ્સ આવરી લેવાશે. |
| દિવસ સંભાળ પ્રક્રિયા | હોસ્પિટલ અથવા દિવસ સંભાળ કેન્દ્રમાં લેવાયેલી દિવસ સંભાળ પ્રક્રિયા માટે ઉદભવતો તબીબી ખર્ચ. 24 કલાકનું ફરજિયાત હોસ્પિટલાઈઝેશન દિવસ સંભાળ પ્રક્રિયામાં સમાવિષ્ટ નથી. |
| મોતિયાનો ઉપચાર | મોતિયાના ઉપચારમાં એક પોલિસી વર્ષમાં એક આંખ દીઠ વીમિત રકમના 25% સુધી અથવા ₹40,000માંથી જે પણ રકમ ઓછી હોય તે આવરી લેવાય છે. |
| આયુષના લાભ | આયુર્વેદ, યુનાની, સિદ્ધ અને હોમિયોપેથી હેઠળ લેવાતા ઈન-પેશન્ટ ઉપચાર માટે તબીબી ખર્ચ પેટા-મર્યાદા વિના આવરી લેવાય છે. |
| પૂર્વ-હોસ્પિટલાઈઝેશન | હોસ્પિટલાઈઝેશનની તારીખથી 30 દિવસ પૂર્વે ઉદભવનાર તબીબી ખર્ચ આવરી લેવાય છે. |
| પશ્ચાત-હોસ્પિટલાઈઝેશન | ડિસ્ચાર્જની તારીખથી 60 દિવસ સુધી ઉદભવનાર તબીબી ખર્ચ આવરી લેવાય છે. |
| ઈમરજન્સી રોડ એમ્બ્યુલન્સ | વીમિતને પૂરતી ઈમરજન્સી સુવિધાઓ સાથે નજીકની હોસ્પિટલમાં લઈ જવા માટે રોડ એમ્બ્યુલન્સના ઉપયોગ થકી ઉદભવેલો વાસ્તવિક ખર્ચ હોસ્પિટલાઈઝેશન દીઠ ₹2000 સુધી આવરી લેવાય છે |
| ડેન્ટલ ઉપચાર અને પ્લાસ્ટિક સર્જરી | કોઈ પણ રોગ કે અકસ્માતી ઈજાને લીધે જરૂરી ડેન્ટલ ઉપચાર અને પ્લાસ્ટિક સર્જરી આવરી લેવાય છે. |

**વિભાગ 2: સહ- ચુકવણી અને એકત્રિત બોનસ**

| | |
|---|---|
| એકત્રિત બોનસ | દરેક દાવા મુક્ત વર્ષના સંબંધમાં મહત્તમ 50%ને આધીન 5% વીમિત રકમમાં વધારવામાં આવે છે. દાવો કરવામાં આવ્યો હોય તો તે જ દરે એકત્રિત બોનસ ઓછું કરવામાં આવશે. |
| સહ-ચુકવણી | સર્વ દાવા માટે 5% |